# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ

યુનિવર્સિટી કાર્યાલય, મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ.
તા:૧૩/૦૯/૨૦૨૧

**વિષય:** અંગદાન જાગૃતિ અંતગર્ત પ્રતિજ્ઞા કાર્યક્રમનું આયોજન કરવા બાબત.

શ્રીમાન,

આથી યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ અને કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય જણાવવાનું કે, અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ એ 'અંગદાન' અંગે સમાજમાં જાગૃતતા આવે તે હેતુથી કાર્યરત સંસ્થા છે. જાણીતા સમાજ સેવકશ્રી દિલીપભાઇ દેશમુખ દ્વારા પોતાની લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ પોતાનું શેષ જીવન અંગદાન જાગૃતિ માટે આપવું તેવા સંકલ્પના ભાગરૂપે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં બ્રેઇન ડેડ દર્દીઓના અંગનુ દાન થાય અને જરૂરીયાતવાળા દર્દીને અંગ પ્રાપ્ત થાય તે માટેનો છે. આ કાર્ય થકી અંગની રાહ જોઇને એક આશા સાથે જીવન જીવી રહેલા અનેક દર્દીઓને નવું જીવન મળી શકશે.

કચ્છ યુનિવર્સિટી અને અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તા.૧૭/૦૯/૨૦૨૧ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રીના જન્મ દિવસે કચ્છ યુનિવર્સિટી તેમજ તેની વિવિધ કોલેજોમાં અંગદાન જાગૃતિ માટેની પ્રતિજ્ઞાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે, જે મુજબ સદરહુ પ્રતિજ્ઞા કાર્યક્રમનું આયોજન અંગદાન જાગૃતિ માટેના સંકલ્પના ભાગરૂપે આપની કોલેજમાં અચૂક કરીને અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવેલ આ સમાજોપયોગી ઉમદા કાર્યને વેગ આપવા વિનંતી છે.

અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સરદહુ પ્રતિજ્ઞા કાર્યક્રમ બાબતે માન.કુલપતિશ્રીને પાઠવવામાં આવેલ તા.૦૯/૦૯/૨૦૨૧નાન પત્રની નકલ આ સાથે સામેલ છે, જેમાં અંગદાન અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલી છે. જે આપશ્રીની જાણ સારૂ. આ સાથે આપની કોલેજમાંથી એક કો-ઓર્ડિનેટરની તાત્કાલિક નિમણૂંક કરી તેની જાણ નોડલ ઓફિસરશ્રીને કરવાની રહેશે.

ઉપરોકત કાર્યક્રમના આયોજન કર્યાના ફોટોગ્રાફ્સ તેમજ પ્રતિજ્ઞામાં ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓની સંખ્યા કચ્છ યુનિવર્સિટી ખાતે નીચેના નોડલ ઓફિસરશ્રીઓને મોકલી આપશોજી.

**ડો.મિલિન્દ સોલંકી,**
મો.નં. ૭૩૮૩૧ ૩૫૫૨૫,
ઇ-મેઇલ: milindsolanki@kskvku.ac.in

**કુલસચિવ**

**પ્રતિ,**

૦૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

૦૨. વડાશ્રી, તમામ અનુસ્નાતક ભવન, કચ્છ યુનિવર્સિટી, ભુજ તરફ.

૦૩. તમામ આચાર્યશ્રી, તમામ સંલગ્ન કોલેજો, કચ્છ યુનિવર્સિટી,ભુજ તરફ.